અગ્રતા ક્રમ -: 3

વિભાગ :- શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ

તારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૧૫/૪/૧૩૦૧

૧૫ મી ગુજરાત વિધાનસભા ચોથું સત્ર

વિધાનસભા ગૃહમાં જવાબ આપવાની તારીખ : ૧૯.૦૨.૨૦૨૪

પ્રશ્નનું શિર્ષક : સુરેન્દ્રનગર જિલ્લામાં ઔદ્યોગિક એકમો સામે શ્રમ કાયદાના ભંગની ફરિયાદો

પ્રશ્ન પૂછનાર માન. ધારાસભ્યશ્રીનું નામ અને તેમનો મત વિસ્તાર : શ્રી પ્રકાશભાઈ પરસોતમભાઈ વરમોર (ધ્રાંગધ્રા)

**અગ્રતા ક્રમ : 3**

**વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫/૪/૧૩૦૧**

**અનુક્રમણિકા**

| | વિગત | મુખ્ય પેજ |
|---|---|---|
| | વિધાનસભાએ વિભાગને મોકલેલ પ્રશ્ન | |
| | વિભાગે કરેલ જવાબ | |
| | પ્રશ્નનું મુખ્ય હાર્દ | |
| | પૂરકનોંધ | |
| | પૂરકનોંધ) નિયામકશ્રી, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય) | માન.ધારાસભ્યશ્રીનું નામ |
| **પેટા પ્રશ્ન-૧** | સુરેન્દ્રનગર જિલ્લામાં ફરિયાદો સિવાય કેટલી સંસ્થાઓમાં કોર્ટ કાર્યવાહી કરવામાં આવેલ છે? | **શ્રી પ્રકાશભાઈ પરસોતમભાઈ વરમોરા (ધ્રાંગધ્રા)** |
| **પેટા પ્રશ્ન-૨** | તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લામાં છેલ્લા એક વર્ષના સમયગાળા દરમ્યાન કુલ કેટલા કારખાનાની સામે કેટલા કેસ કરવામા આવેલ છે? | **શ્રી પ્રકાશભાઈ પરસોતમભાઈ વરમોરા (ધ્રાંગધ્રા)** |
| **પેટા પ્રશ્ન-3** | સુરેન્દ્રનગર જિલ્લામાં તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા એક દરમ્યાન મળેલ ફરિયાદો કયા કયા શ્રમ કાયદા હેઠળની છે? | **શ્રી શામજીભાઇ ચૌહાણ (ચોટીલા)** |
| **પેટા પ્રશ્ન-૪** | સુરેન્દ્રનગર જિલ્લામાં ફરિયાદો સિવાય કેટલી સંસ્થાઓમાં નિરીક્ષણ દ્વારા સમજાવટથી ચુકવણું કયા કયા પ્રકારે કરવામાં આવેલ છે? | **શ્રી શામજીભાઇ ચૌહાણ (ચોટીલા)** |
| **પેટા પ્રશ્ન-૫** | શ્રમ આયુક્ત તંત્ર દ્વારા શ્રમયોગીઓને શ્રમ કાયદાઓનું માર્ગદર્શન આપવા શી વ્યવસ્થા ગોઠવવામાં આવેલ છે? | |
| **પેટા પ્રશ્ન-૬** | તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતએ સુરેન્દ્રનગર જીલ્લામાં કારખાના ધારા હેઠળ કેટલા ઔદ્યોગિક એકમો નોંધાયેલા છે? તેમજ નોંધાયેલા કારખાના ની તાલુકાવાર વિગતો જણાવશો ? | |

| | | |
|---|---|---|
| **પેટા પ્રશ્ન-૭** | તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતએ સુરેન્દ્રનગર જીલ્લામાં છેલ્લા એક વર્ષના સમયગાળા દરમ્યાન મળેલ ફરિયાદો અન્વયે કુલ કેટલા કારખાનાની સામે કેટલા કેસ કરવામાં આવેલ છે? | |
| **પેટા પ્રશ્ન-૮** | તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતએ સુરેન્દ્રનગર જીલ્લામાં એક વર્ષના સમયગાળા દરમ્યાન કુલ કેટલા કારખાનાની તપાસણી કરવામાં આવેલ છે? | |
| **પેટા પ્રશ્ન-૯** | તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતએ સુરેન્દ્રનગર જીલ્લામાં છેલ્લા એક વર્ષના સમયગાળા દરમ્યાન ફરિયાદ તપાસ બાબતે કેટલી મુલાકાતો લેવામાં આવેલ છે? | |
| **પેટા પ્રશ્ન-૧૦** | ફરિયાદનો નિકાલ કરવાની સમય મર્યાદા શું નક્કી થયેલ છે. | |
| **પેટા પ્રશ્ન-૧૧** | તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતએ સુરેન્દ્રનગર જીલ્લામાં છેલ્લા એક વર્ષના સમયગાળા દરમ્યાન મળેલ ફરિયાદો પૈકી કેટલી ફરિયાદ પડતર છે? | |
| **પેટા પ્રશ્ન-૧૨** | રાજયનું શ્રમ તંત્ર મુખ્યત્વે કયા શ્રમ કાયદાઓનો અમલ કયા સંવર્ગના કયા અધિકારીઓ દ્વારા કરાવે છે? | |

**મેઇન પેજ પર જાઓ**

વિધાનસભાએ વિભાગને મોકલેલ પ્રશ્ન

૨૨૩ ૩૧/૦૧/૨૪ ૨૪/૨૪

તારાંકિત પ્રશ્ન

ક્રમાંકઃ પ્ર/

# ગુજરાત વિધાનસભા સચિવાલય

તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ 15/4/1301

વિષય:

સુરેન્દ્રનગર જિલ્લામાં ઔદ્યોગિક એકમો સામે શ્રમ કાયદાના ભંગની ફરિયાદો

| સૂચના મળ્યાની તારીખ: | વિભાગે ઓનલાઇન જવાબ મોકલાવવાની છેલ્લી તારીખ | પ્રશ્ન દાખલ કર્યાની તારીખ |
|---|---|---|
| 15/01/2024 | 13/02/2024 | 30/01/2024 |

*15/4/1301 શ્રી પ્રકાશભાઇ પરસોતમભાઇ વરમોરા (ધ્રાંગધ્રા)

શ્રમ અને રોજગાર જણાવવા કૃપા કરશે કેઃ-

માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમિયાન સુરેન્દ્રનગર જિલ્લામાં આવેલ ઔદ્યોગિક એકમો સામે શ્રમ કાયદાના ભંગ અનૂવયે કેટલી ફરિયાદો મળી, અને

(૨) તે ફરિયાદો અનૂવયે શી કાર્યવાહી કરવામાં આવી?

----

તા.પ્ર.૨૦/૭૩ ૩૦/૧/૨૪

મેઇન પેજ પર જાઓ

## વિભાગે કરેલ જવાબ

### સુરેન્દ્રનગર જિલ્લામાં ઔદ્યોગિક એકમો સામે શ્રમ કાયદાના ભંગની ફરિયાદો

*15/4/1301- શ્રી પ્રકાશભાઈ પસોત્તમભાઈ વરમોરા(ધ્રાંગધ્રા): માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમિયાન સુરેન્દ્રનગર જિલ્લામાં આવેલ ઔદ્યોગિક એકમો સામે શ્રમ કાયદાના ભંગ અન્વયે કેટલી ફરિયાદો મળી, અને | (૧) કુલ- ૧૬ |
| (૨) ઉક્ત ફરિયાદો અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી? | (૨) ઉક્ત ફરિયાદો પૈકી,<br>• ૦૫ ફરિયાદોમાં ૨૦૮ શ્રમયોગીઓને રૂ.૧૦,૮૬,૮૦૩/-નું સમજાવટથી ચુકવણું કરાવવામાં આવેલ છે.<br>• ૦૧ ફરિયાદમાં ૦૧ કોર્ટ કેસ નામદાર અદાલતમાં દાખલ કરવામાં આવેલ છે.<br>• ૦૫ ફરિયાદોમાં સંસ્થા દ્વારા કાયદાનું પાલન કરવામાં આવેલ છે.<br>• ૦૧ ફરિયાદમાં પક્ષકારો વચ્ચે સમાધાન થયેલ છે.<br>• કુલ- ૦૩ કારખાના વિરુદ્ધ કુલ- 30 ફોજદારી કેસો કરવામાં આવેલ છે.<br>• ૦૧ ફરિયાદનો નિયમાનુસાર નિકાલ કરવામાં આવેલ છે. |

---

<u>ગૃહમાં જવાબ આપવાની તા.૧૯/૦૨/૨૦૨૪.</u>

ક:વસપ/૧૧૨૦૨૪/તા.પ્ર.-૨૪/મ(3)
શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ,
સચિવાલય, ગાંધીનગર,
તા.૧૩/૦૨/૨૦૨૪.

પ્રતિ,
સચિવશ્રી,

ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગરના તા.30/૦૧/૨૦૨૪ના પત્ર અનુસંધાને જવાબ અપલોડ કરેલ છે.

(ગગુભા રાજ)
નાયબ સચિવ(શ્રમ),
શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ.

- નકલ રવાનાઃ –

(૧) માન. મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર, સ્વર્ણિમ સંકુલ-૧, ગાંધીનગર.

(૨) માન. રા.ક.મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર, સ્વર્ણિમ સંકુલ-૨, ગાંધીનગર.

(૩) શ્રમ આયુક્તશ્રી(ગુ.રા.)ની કચેરી, ઉદ્યોગ ભવન, ગાંધીનગર.

(૪) નિયામકશ્રી, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય, શ્રમભવન, ખાનપુર, અમદાવાદ.

(૫) વિધાનસભા કામકાજ માટે વિભાગના નોડલ અધિકારીશ્રી,શ્ર.કૌ.વિ.રો.વિ., સચિવાલય, ગાંધીનગર.

(૬) સેકશન અધિકારીશ્રી(સં.) શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૭) શાખા સિલેકટ ફાઇલ /નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ – ૨૦૨૪.

મેઇન પેજ પર જાઓ

પ્રશ્નનું મુખ્ય હાર્દ

## સુરેન્દ્રનગર જિલ્લામાં ઔદ્યોગિક એકમો સામે શ્રમ કાયદાના ભંગની ફરિયાદો

ઔદ્યોગિક એકમો દ્વારા કર્મચારી / વર્કરોનું શોષણ ન થાય ત્યારે જ રાજ્યમાં ઔદ્યોગિક શાંતિ જળવાઈ રહે. ગુજરાત ઔદ્યોગિક શાંતિ જાળવી રાખવામાં અગ્રેસર છે. શ્રમ તંત્ર દ્વારા રાજ્યમાં ઔદ્યોગિક શાંતિ અને સલામતીનું વાતાવરણ જાળવી રાખવા માટે શ્રમિકો અને માલિકોને સ્પર્શતાં વિવિધ શ્રમ કાયદાઓના અસરકારક અમલીકરણને અગ્રિમતા આપી પ્રયાસો હાથ ધરવામાં આવે છે.

- વિવિધ શ્રમ કાયદાઓના ભંગ બાબતની ફરિયાદોનો સમયમર્યાદામાં નિકાલ કરવાની કામગીરી શ્રમ તંત્રના શ્રમ અધિકારી દ્વારા હાથ ધરવામાં આવે છે.
- પ્રસ્તુત વિધાનસભા તારાંકિત પ્રશ્ન સંદર્ભે ઔદ્યાગિક એકમોમાં કામ કરતા શ્રમયોગીઓના શોષણ બાબતે શ્રમ કાયદાઓના ભંગ બાબતે ફરિયાદ આવે ત્યારે સરકાર દ્વારા નીચે મુજબની કામગીરી કરવામાં આવે છે.
  - (૧) ફરિયાદ મુખ્યત્વે ટ્રેડ યુનીયન, શ્રમયોગી પોતે અથવા તો તેમના વારસદારો દ્વારા આવતી હોઈ છે.
  - (૨) ફરિયાદ આવ્યા બાદ સદરહું ફરિયાદ જો નિયામક, ઔદ્યૌગિક સલામતી અને સ્વાસ્થ્ય દ્વારા અમલવારી કરાવતા મુખ્યત્વે નીચે મુજબના કાયદાઓ અન્વયે હોય તો અધિકારી દ્વારા ઔદ્યૌગિક એકમોની ઓચીંતી મુલાકાત લેવામાં આવે છે.

    (૧) કારખાના ધારા – ૧૯૪૮ અને તે હેઠળના નિયમો.

    (૨) વેતન ચુકવણી ધારા – ૧૯૩૬

    (૩) પ્રસુતિ સહાયતા અધિનિયમ – ૧૯૬૧

(૩) મુલાકાત વખતે ફરિયાદના મુદ્દા અન્વયે તપાસણી કરતી વખતે શ્રમયોગીઓનો રૂબરૂમાં સંપર્ક સાધવામાં આવે છે અને સાથેસાથે જરૂરી દસ્તાવેજો પણ ચકાસવામાં આવે છે.

(૪) જો ફરિયાદના મુદ્દા અન્વયે કોઈ ક્ષતિ માલૂમ પડે તો નિયમ અનુસાર કારણદર્શક નોટીસ પાઠવવામાં આવે છે.

(૫) કારણદર્શક નોટીસ અન્વયે શ્રમયોગીઓને મળતા હકો આપવામાં ન આવે તેવા કિસ્સામાં નામદાર કોર્ટમાં ફોજદારી કેસો કારખાનાના કબ્જેદાર/મેનેજર સામે દાખલ કરવામાં આવે છે.

ગુજરાત રાજ્યના શ્રમ કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ હેઠળના શ્રમ તંત્ર અંતર્ગત બે ખાતાના વડા, શ્રમ આયુક્ત અને નિયામક, ઔદ્યોગિક સલામતિ અને સ્વાસ્થ્ય દ્વારા વિવિધ મજૂર કાયદાઓનું અમલીકરણ કરાવવામાં આવે છે. છેલ્લા એક વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લામાં શ્રમ કાયદાના ભંગ બાબતે શ્રમ તંત્રને કુલ ૧૬ (સોળ) ફરિયાદો મળેલ છે. જે પૈકી,

(૧) શ્રમ આયુક્ત તંત્રને લઘુતમ વેતન અધિનિયમ, ૧૯૪૮ હેઠળ કુલ ૦૯ ફરિયાદો, ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ હેઠળ કુલ ૦૧ ફરિયાદ, ગ્રેજ્યુઈટી ચુકવણી અધિનિયમ, ૧૯૭૨ હેઠળ કુલ ૦૨ ફરિયાદ મળેલ છે

(૨) નિયામક, ઔદ્યોગિક સલામતિ અને સ્વાસ્થ્ય તંત્રને કારખાના અધિનિયમ, ૧૯૪૮ હેઠળ કુલ ૦૪ (ચાર) ફરિયાદો મળેલ છે.

નિયામક, ઔદ્યોગિક સલામતિ અને સ્વાસ્થ્ય તંત્રને છેલ્લા એક વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લામાં આવેલ ઔદ્યોગિક એકમો સામે શ્રમ કાયદાના ભંગ બાબતે કારખાના ધારા હેઠળ કુલ ૦૪ (ચાર) ફરિયાદો મળેલ છે. જેમાં ૩ (ત્રણ) ઔદ્યોગિક એકમો સામેની ૩(ત્રણ) ફરિયાદોમાં કામદારોના રેકર્ડની જાળવણી ન કરવા બાબત, સલામતિની જોગવાઈનું પાલન નહી કરવા બાબત અને કામદારોના કામના કલાકો અંગે અમલવારી ન કરવા બાબતની ક્ષતિ ધ્યાને આવતાં તેઓ સામે કારખાના ધારા, ૧૯૪૮ હેઠળ કુલ ૩૦ (ત્રીસ) ફોજદારી કેસ નામદાર કોર્ટમાં દાખલ કરવામાં આવેલ છે. ૧ (એક) ફરિયાદમાં ૧ (એક) ઔદ્યોગિક એકમમાં કોઈ ક્ષતિ ન જણાતાં નિયમોનુસાર નિકાલ કરવામાં આવેલ છે.

મેઇન પેજ પર જાઓ

પૂરક નોંધ (શ્રમ આયુક્તશ્રી)

**શ્રમ તંત્રના અધિકારીશ્રી, સુરેન્દ્રનગર દ્વારા ફરિયાદ સંદર્ભે કરવામાં આવેલ કાર્યવાહીની વિગતો:-**

- સુરેન્દ્રનગર જિલ્લામાં તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતીએ છેલ્લા એક વર્ષમાં આવેલ ઔદ્યોગિક એકમો સામે શ્રમ કાયદાના ભંગ અન્વયે કુલ ૧૫ (પંદર) ઔદ્યોગિક એકમો સામેની કુલ: ૧૬ (સોળ) ફરીયાદો મળેલ છે. (જેની યાદી બિડાણ–૧ થી સામેલ છે)
- કર્મચારી / વર્કરો તરફથી મળેલ ઉક્ત ફરીયાદો પૈકી ૫ (પાંચ) ઔદ્યોગિક એકમો સામે ૫ (પાંચ) ફરીયાદોમાં નીચે મુજબનું સમજાવટથી ચુકવણું કરાવવામાં આવેલ છે. (જેની વિગતો બિડાણ-૨ થી સામેલ છે)

| ફરિયાદોની સંખ્યા | ઔદ્યોગિક એકમોની સંખ્યા | શ્રમયોગીઓની સંખ્યા | સમજાવટથી કરાવેલ ચુકવણું |
|---|---|---|---|
| ૫ (પાંચ) | ૫ (પાંચ) | ૨૦૮ (બસો આઠ) | રૂ. ૧૦,૮૬,૮૦૩ /- (દસ લાખ છ્યાસી હજાર આઠ સો ત્રણ ) |

- ઉક્ત ફરિયાદો સંદર્ભે કુલ ૪ (ચાર) ઔદ્યોગિક એકમો સામેની ૪ (ચાર) ફરિયાદોમાં ઔદ્યોગિક એકમો દ્વારા પૂર્તતા ન કરતાં તેઓ સામે કુલ ૩૧ (એકત્રીસ) ફોજદારી કેસો નામદાર લેબર કોર્ટમાં દાખલ કરવામાં આવેલ છે. (જેની વિગતો બિડાણ -૩ થી સામેલ છે.)
- ૧ (એક) ફરિયાદમાં ૧ (એક) ઔદ્યોગિક એકમમાં સમાધાન થતાં ફરિયાદ પરત ખેંચેલ છે.
- ૫ (પાંચ) ફરિયાદોમાં ૫ (પાંચ) ઔદ્યોગિક એકમો દ્વારા કાયદાનું પાલન કરવામાં આવેલ છે.
- ૦૧ (એક) ફરિયાદનો નિયમાનુસાર નિકાલ કરવામાં આવેલ છે.

**શ્રમ તંત્રના અધિકારીશ્રી, સુરેન્દ્રનગર દ્વારા ફરિયાદ ઉપરાંત કરવામાં આવેલ કાર્યવાહીની વિગતો:-**

- તા. ૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લામાં શ્રમ તંત્રના અધિકારીશ્રી દ્વારા ઉક્ત ફરીયાદો ઉપરાંત કુલ ૨૧૭ (બસો સત્તર) ઔદ્યોગિક એકમોની રૂબરૂ તપાસ કરીને લાગૂ પડતા શ્રમ કાયદાઓ હેઠળ તપાસનોંધ આપવામાં આવેલ છે.
- ઔદ્યોગિક એકમોને વિવિધ શ્રમ કાયદાઓ હેઠળ આપવામાં આવેલ તપાસનોંધ સંદર્ભે પૂર્તતા ન કરતા કુલ ૫૯ (ઓગણ સાઈઠ) ઔદ્યોગિક એકમો સામે ૧૨૧ ( એક સો એકવીસ) ફોજદારી કેસો નામદાર લેબર કોર્ટમાં દાખલ કરવામાં આવેલ છે. જે પૈકી ૭૨ (બોત્તેર) કેસોનો નામદાર કોર્ટ દ્વારા નિકાલ કરી કસુરવાર માલિકને રૂ. ૩,૫૮,૦૦૦ /- (ત્રણ લાખ અઠ્ઠાવીસ હજાર) દંડ વસુલ કરવામાં આવેલ છે. (જેની વિગતો બિડાણ-૪ થી સામેલ છે).

| ઔદ્યોગિક એકમોની સંખ્યા | દાખલ કરેલ કોર્ટ કેસોની સંખ્યા | પડતર કોર્ટ કેસોની સંખ્યા | નિકાલ કરેલ કોર્ટ કેસોની સંખ્યા | દંડની રકમ |
|---|---|---|---|---|
| ૫૯ (ઓગણ સાઈઠ) | ૧૨૧ (એકસો એકવીસ) | ૪૯ (ઓગણ પચાસ) | ૭૨ (બોત્તેર) | રૂ. ૩,૫૮,૦૦૦ /- (ત્રણ લાખ અઠ્ઠાવન હજાર ) |

- ફરિયાદો ઉપરાંત સરકારી શ્રમ અધિકારીશ્રી દ્વારા કરવામાં આવેલ તપાસ દરમિયાન પણ સમજાવટથી નીચે મુજબનું ચુકવણું કરાવવામાં આવેલ છે. (જેની વિગતો બિડાણ-૫ થી સામેલ છે).

| ચુકવણાનો પ્રકાર | ઔદ્યોગિક એકમોની કુલ સંખ્યા | શ્રમયોગીઓની કુલ સંખ્યા | સમજાવટથી કરાવેલ કુલ ચુકવણું |
|---|---|---|---|
| બાકી પગારનું ચુકવણું | ૦૧ (એક) | ૦૧ (એક) | રૂ. ૮,૯૩૯/- (આઠ હજાર નવ સો ઓગણ ચાલીસ) |
| લઘુત્તમ વેતનના તફાવતનું ચુકવણું | ૨૨ (બાવીસ) | ૭૧૦ (સાત સો દસ) | રૂ. ૫૧,૧૩,૭૧૭ /- (એકાવન લાખ તેર હજાર સાત સો સત્તર) |
| બાકી બોનસનું ચુકવણું | ૦૧(એક) | ૧૦ (દસ) | રૂ. ૭૧,૦૦૦/- (ઈકોતેર હજાર) |

**આમ, કુલ- ૨૪ ઔદ્યોગિક એકમોમાં ૭૨૧ શ્રમયોગીઓને કુલ- રૂ. ૫૧,૯૩,૬૫૬ /- (એકાવન લાખ તાણું હજાર છસો છપ્પન) નું ચુકવણું ફરિયાદ સિવાય કરાવવામાં આવેલ છે.**

## શ્રમ તંત્રનો કાર્યક્ષેત્ર અને વ્યાપ:

શ્રમ કાયદાઓના અમલીકરણ ઉપરાંત ઔધોગિક શાંતિની જાળવણી કરવી તેમજ સુમેળ ભર્યુ ઔધોગિક વાતાવરણ પ્રસ્થાપિત કરવામાં શ્રમ તંત્ર આગવી અને અગત્યની ભૂમિકા ભજવે છે. શ્રમ કાયદાઓમાં કરેલ સુધારાઓમાં ઔદ્યોગિક વિકાસની સાથે શ્રમયોગીઓનું હિત જળવાઇ રહે તે બાબત ધ્યાનમાં લેવામાં આવે છે.

## શ્રમ તંત્રનો અભિગમ અને વ્યુહરચના અને કામગીરીઃ

- ઔધોગિક શાંતિ જાળવી રાખવી. શ્રમ કાયદાઓનો અમલ કરાવવો. શ્રમ અને ઉધોગને લગતો કાયદાઓ, પ્રક્રિયાઓ અને નીતિઓને તર્ક બદ્ધ બનાવવા માટે તમામ પક્ષકારો સાથે ત્રિપક્ષીય મંત્રણાઓ કરવી.
- રાજ્યનું શ્રમ આયુકત તંત્ર મુખ્યત્વે લઘુત્તમ વેતન અધિનિયમ-૧૯૪૮, બોનસ ચુકવણી અધિનિયમ-૧૯૬૫, ગ્રેજ્યુઈટી ચુકવણી અધિનિયમ-૧૯૭૨, કોન્ટ્રાક્ટ મજુર( નિયમન અને નાબુદી) અધિનિયમ-૧૯૭૦, ઔધોગિક વિવાદ અધિનિયમ-૧૯૪૭, અને બાળ અને કિશોર( પ્રતિબંધ અને નિયમન) અધિનિયમ-૧૯૮૬ કાયદાઓનો અમલ કરાવે છે.
- શ્રમ આયુક્ત તંત્રના નાયબ શ્રમ આયુક્તશ્રી વર્ગ-૧, મદદનીશ શ્રમ આયુકતશ્રી વર્ગ-૧ તથા સરકારી શ્રમ અધિકારી વર્ગ–૨ સંવર્ગના અધિકારી દ્વારા શ્રમ કાયદાઓનો અમલ કરાવવામાં આવે છે. શ્રમ કાયદાઓના અમલીકરણ માટે માસિક ૨૫(પચ્ચીસ) નિરીક્ષણોનો લક્ષાંક દરેક સરકારી શ્રમ અધિકારીશ્રીને આપવામાં આવેલ છે. સરકારી શ્રમ અધિકારીશ્રીઓ દ્વારા શ્રમ કાયદાઓના નિરીક્ષણો કરતી વખતે જે ઔદ્યોગિક એકમો સામે ફરિયાદો હોય તેવા ઔધોગિક એકમોના નિરીક્ષણોને અગ્રતાના ધોરણે હાથ ધરવામાં આવે છે.
- ઔદ્યોગિક એકમો સામે ફરિયાદ આવે ત્યારે, જે તે ઔદ્યોગિક એકમની સરકારી શ્રમ અધિકારી રૂબરૂ લાગુ પડતાં શ્રમ કાયદા હેઠળ નિરીક્ષણ કરે છે અને જરૂર જણાય શ્રમ કાયદાના ભંગ બદલ તપાસનોંધ આપેછે, જો ઔદ્યોગિક એકમ શ્રમ

કાયદાના ભંગની પુર્તતા ન કરે તો આવા શ્રમ કાયદાના ભંગમા ફોજદારી કેસ સમુચિત અદાલતમાં સરકારી શ્રમ અધિકારી દ્વારા દાખલ કરવામાં આવે છે. ઔદ્યોગિક એકમો સામે ફરિયાદોમાં માનનીય પ્રાઈમ મીનીસ્ટર ગ્રીવન્સીસ પોર્ટલ, માનનીય મુખ્યમંત્રીશ્રી કાર્યાલય (સી.એમ.ઓ. પોર્ટલ) , લોક ફરિયાદ (સ્વાગત પોર્ટલ), ઇ-મેઈલ દ્વારા મળતી ફરિયાદો તથા સરકારી સંદર્ભ અને કચેરીને શ્રમયોગી/શ્રમયોગીના મંડળ દ્વારા સીધી કરવામાં આવતી ફરિયાદોનો સમાવેશ થાય છે.

- **લઘુતમ વેતન અધિનિયમ- ૧૯૪૮**, રાજ્ય સરકારને મળેલ સત્તા મુજબ કુલ ૫૬ અનુસુચિત રોજગારીઓમાં લઘુતમ વેતન દર નકકી કરવામાં આવેલ છે. સદર કાયદા હેઠળ ઓછુ વેતન ચુકવાતુ હોય તેવી સંસ્થામાં સરકારી શ્રમ અધિકારી દ્વારા સમજાવટથી શ્રમયોગીઓને વેતન તફાવત ચૂકવવા માટેના પ્રયત્નો કરવામાં આવે છે. વિવિધ રોજગારીઓમાં લઘુતમ વેતન દર નકકી કરવા અને તેમાં સુધારા વધારા બાબતે લઘુતમ વેતન સલાહકાર મંડળ રાજય સરકારને ભલામણ કરે છે આ કાયદો શ્રમયોગીઓના જીવન નિર્વાહ માટે પુરતુ વેતન મળી રહે તે હેતુથી કેન્દ્ર સરકાર દ્વારા ઘડવામાં આવેલ છે.

- **ગ્રેજ્યુઈટી ચુકવણી અધિનિયમ-૧૯૭૨**શ્રમિકોની લ્હેણી નીકળતી ગ્રેજ્યુઇટીની રકમ સંસ્થાના માલિક ચૂકવણી ન કરે તો તે મેળવવા માટે શ્રમિક પોતે અથવા નોંધાયેલ ટ્રેડયુનિયન મારફત નિયંત્રણ અધિકારીને નિયત કરવામાં આવેલ ફોર્મમાં અરજી કરી શકે છે. નિયંત્રણ અધિકારી પક્ષકારોની રજૂઆતો અને રજૂ થયેલ પુરાવાઓને ધ્યાને લઇ સંસ્થાને ગ્રેજ્યુઇટીની રકમ શ્રમિકને ચૂકવવા હુકમ કરે છે. આ હુકમ સામે કોઇ પણ પક્ષકાર ૬૦ દિવસની અંદર એપેલેટ ઓથોરિટીની અપીલ કરી શકે છે. હાલમાં કાયદાકીય જોગવાઇઓ અનુસાર વધુમાં રૂપિયા ૨૦,૦૦,૦૦૦/- (વીસલાખ) ગ્રેજયુઇટી તરીકે ચૂકવણી થઇ શકે છે.

- **કોન્ટ્રાક્ટ મજૂર ( નિયમન અને નાબૂદી) અધિનિયમ-૧૯૭૦** ભારત સરકારે ઉધોગોમાં કોન્ટ્રાક્ટ પ્રથા હેઠળ કામ કરતા શ્રમયોગીઓની સલામતી અને કલ્યાણ માટે આ કાયદો પસાર કરેલ છે. રાજ્ય સરકાર દ્વારા તે અન્વયેના નિયમો બનાવેલ છે. રાજ્યમાં ૫૦ કે તેથી વધુ શ્રમયોગીઓને કામે રાખતી સંસ્થા/ ઉધોગોને કોન્ટ્રાક્ટ/મજૂર( નિયમન અને નાબૂદી) જોગવાઇઓ લાગુ પડે છે. આ કાયદા હેઠળ રાજય કક્ષાએ રજિસ્ટ્રિંગ અને લાયસન્સિંગ અધિકારી તરીકે અધિક શ્રમ આયુકતને તથા મદદનીશ શ્રમ આયુક્તને તેઓના કાર્યવિસ્તાર પૂરતા નોંધણી અને લાયસંસિંગ અધિકારી તરીકે જાહેર કરેલ છે.

- **ઔદ્યોગિક વિવાદ અધિનિયમ-૧૯૪૭**, ભારત સરકારશ્રીનો આ કાયદો ઔદ્યોગિક તકરારોની તપાસ અને પતાવટ તથા બીજા અમુક હેતુઓ માટે જોગવાઇ કરવાના ઉદેશથી ઘડવામાં આવેલા છે. આ કાયદામાં માલિકો- માલિકો અને માલિકો અને શ્રમિકો વચ્ચેની અથવા શ્રમિકો- શ્રમિકો વચ્ચેની ઔદ્યોગિક તકરારમાં નિરાકરણ માટેની જોગવાઇઓ કરવામાં આવેલ છે. રાજ્યના મદદનીશ શ્રમ આયુક્તને સમાધાન અધિકારી તરીકે નિયુક્ત કરવામાં આવેલ છે. ઔદ્યોગિક વિવાદોમાં સમાધાન શક્ય ન બનવાના કિસ્સામાં શ્રમ તંત્રના રેફરન્સ કરવાની સત્તાઓ મદદનીશ શ્રમ આયુક્ત, નાયબ શ્રમ આયુક્ત અને રાજ્યના શ્રમ આયુક્ત દ્વારા ન્યાયનિર્ણય માટે હકુમત ધરાવતી અદાલતોમાં રેફરન્સ કરવામાં આવે છે. આ કાયદા હેઠળ લે– ઓફ, રિટ્રેચમેન્ટ અને ક્લોઝર સંબંધિત ખાસ જોગવાઇઓ કરવામાં આવેલ છે. આ કાયદાની જોગવાઇઓના ભંગ માટે શ્રમ તંત્રના અધિકારીઓ દ્વારા કસૂરવાર સંસ્થાઓ સામે અદાલતમાં કેસો દાખલ કરી કાર્યવાહી હાથ ધરવામાં આવે છે.

- **આંતર રાજય સ્થાનાન્તરી કામદાર (રોજગાર નિયમન અને સેવાની શરતો) અધિનિયમ, ૧૯૭૯રાજ્યનું** શ્રમ આયુક્ત તંત્ર સ્થાનાત્તરી શ્રમયોગીઓને લગતા "આંતર રાજ્ય સ્થાનાન્તરી કામદાર (રોજગાર નિયમન અને સેવાની શરતો) અધિનિયમ, ૧૯૭૯"નો અમલ કરાવે છે. આ અધિનિયમની જોગવાઇ મુજબ જ્યારે પાંચ કે તેથી વધારે શ્રમયોગીઓ એક રાજ્યમાંથી કોઇ કોન્ટ્રાક્ટર મારફત બીજા રાજ્યમાં કામ કરવા સબબ ભરતી થાય ત્યારે તેવા કોન્ટ્રાક્ટરને તથા આવા કામદારો જે સંસ્થામાં કામ કરે તે સંસ્થાને લાગુ પડે છે. આવી સંસ્થાએ આ અધિનિયમ હેઠળ નોંધણી કરાવવી ફરજિયાત છે. અને આવા કોન્ટ્રાક્ટરે આ અધિનિયમ હેઠળ લાયસન્સ લેવું ફરજિયાત છે. આ માટે રાજ્યના તમામ જિલ્લાઓમાં ફરજ બજાવતા મદદનીશ શ્રમ આયુક્ત વર્ગ-૧ને નોંધણી તેમજ લાયસન્સીંગ અધિકારી જાહેર કરેલ છે. આ અધિનિયમની અન્ય જોગવાઇઓ જેવી કે, શ્રમયોગીઓને વિસ્થાપન ભથ્થું, પ્રવાસ ભથ્થું, કામના કલાકો, ઓવર ટાઇમ વગેરેનો અમલ સરકારી શ્રમ અધિકારી, વર્ગ-૨ દ્વારા કરાવવામાં આવે છે.
- **બાળ અને તરૂણ શ્રમયોગી ( પ્રતિબંધ અને નિયમન) અધિનિયમ- ૧૯૮૬,** રાજ્યના શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ દ્વારા અમલીકરણ કરવામાં આવે છે. જે બાળકોએ ૧૪ વર્ષ પુરા કરેલ નથી તેવા બાળકોને કોઇપણ પ્રકારના ધંધા/ પ્રક્રિયાઓમાં કામે રાખવા પર સંપૂર્ણ પ્રતિબંધ મુકવામાં આવેલ છે. ૧૪ થી ૧૮ વર્ષના કિશોર(તરૂણો) ને જોખમી વ્યવસાયોમાં પ્રતિબંધ છે અને અન્ય વ્યવસાયો/પ્રક્રિયાઓમાં તરૂણ શ્રમયોગીઓને કામે રાખવા માટે રોજગારીના નિયમનાની જોગવાઇ કરવામાં આવેલ છે. આ કાયદાની કલમ-૧૬ હેઠળ કરેલ જોગવાઇ મુજબ કોઇપણ વ્યક્તિ તેમજ પોલીસ અધિકારી પણ બાળશ્રમયોગી રાખવા અંગે ફોજદારી ફરિયાદો દાખલ કરી શકે છે. બાળ અને તરૂણ શ્રમયોગીઓને કાયદાથી વિરૂધ્ધ કામે રાખવા પર માલિકોને પ્રથમ વારના ગુનામાં રૂપિયા ૨૦,૦૦૦/- થી૧,૦૦,૦૦૦/- નો દંડ અથવા છ મહિનાથી બે વર્ષ સુધીની જેલ અથવા બંને શિક્ષાની જોગવાઈ છે. જ્યારે આવા જ પ્રકારના બીજીવારના ગુનામાં તેજ માલિકને એક વર્ષથી લઇને ત્રણ વર્ષ સુધીની જેલની સજાની જોગવાઇ કરવામાં આવેલ છે.

# તા.૦૧/૦૧/૨૦૨૩ થી તા.૩૧/૧૨/૨૦૨૩ દરમિયાન મળેલ ફરીયાદોનું લીસ્ટ

## બિડાણ-૧

| ક્રમ | અરજદારનું નામ | સંસ્થાનુનામ | વિષય |
|---|---|---|---|
| ૦૧ | મોરી રાજેશભાઈ ઠાકરશીભાઈ, થાન | પ્રકાશ સિરાકમી, થાનગઢ | લઘુતમ વેતન મુજબ ઓછો પગાર ચુકવે છે. |
| ૦૨ | મિલ મઝદુર સભા, સુ.નગર | રૂષપ પ્રિસીસન બેરીગસ.લી., વઢવાણ | કલમ-૧૭(એ) મુજબ |
| 03 | સુરેન્દ્રનગર જીલ્લા શ્રમજીવી સંઘ, | એમ.એમ.રબ્બર.પ્રા.લી., શેખપર | પગાર સ્લીપ ન આપવા. |
| ૦૪ | મકવાણા મયુરભાઈ મહેન્દ્રભાઈ, રતનપર | ન્યુએઝ ઈન્ડસ્ટ્રીઝ, વઢવાણ | બાકી પગાર, હકક રજા અને બોનસ ન ચુકવવા. |
| ૦૫ | અખિલ ગુજરાત મઝદુર સંઘ, અ.વાદ | સેમ ફુડ, વઢવાણ | શ્રમ કાયદા મુજબના લાભો આપવા. |
| ૦૬ | જતીનભાઈ ગાંગડીયા, રતનપર | ન્યુએઝ ઈન્ડસ્ટ્રીઝ, વઢવાણ | કામદારોના શોષણ અંગે. |
| ૦૭ | મોટો ટેકનીકાના તમામ કામદારો | મોટો ટેકનીકા, વઢવાણ | કામદારોને હકકહિસ્સા આપવા |
| ૦૮ | સતેન્દ્ર સિલોચ કુમાર ઉઈકે, MP | શ્રી સિધ્ધનાથ કોર્ટેક્ષ, થાનગઢ | મજુરીના બાકી રૂપિયા અપાવવા બાબત. |
| ૦૯ | સંજયભાઈ પ્રેમજીભાઈ ડાભી, સુ.નગર | સવા હેલ્થ કેર.લી., વઢવાણ | શ્રમ કાયદાના ભંગ અન્વયે બોનસ ચુકવણું |
| ૧૦ | રાઠોડ નિલેશભાઈ નરેન્દ્રભાઈ, જો.નગર | પાર્કર ટાઈલ્સ.લી., શેખપર | એક મહિનાનો ચુકવવાનો બાકી પગાર |
| ૧૧ | ધવલકુમાર કુવારડીયા,સુરત | વિનાયક ઈલેકટ્રીકલ ઈન્ડસ્ટ્રીઝ, ખેરાળી | ૮-દિનનો બાકી પગાર. |
| ૧૨ | ડી.સી.ડબલ્યુ લેબર યુનિયન, ધ્રાંગધ્રા | ડી.સી.ડબલ્યુ.લી., ધ્રાંગધ્રા | કારખાનામાં અયોગ્ય રીતે બોનસ ચુકવવા અંગે. |
| ૧૩ | કુડા અગર કામદાર સંઘ , ધ્રાંગધ્રા | ડી.સી.ડબલ્યુ લીમીટેડ, રેલ્વે સ્ટેશન નજીક, ધ્રાંગધ્રા | ફેક્ટરી એક્ટના ભંગ બાબતે |
| ૧૪ | મોટો ટેક્નિકાના કામદારો , વઢવાણ | મોટો ટેકનીકા<br>પ્લોટ નં.૧૭૦૬/બી, ફેઝ-૪, | ફેક્ટરી એક્ટના ભંગ બાબતે |

| | | | |
|---|---|---|---|
| | | જી.આઈ.ડી.સી., વઢવાણ | |
| ૧૫ | પરમાર હર્ષદકુમાર<br>ભીખાભાઇ<br>વઢવાણ | જવેલ પેપર્સ પ્રાઇવેટ લી.<br>૭૦૬, જી.આઇ.ડી.સી., ફેઝ-૩,<br>તા.વઢવાણ, | ફેક્ટરી એક્ટના ભંગ બાબતે |
| ૧૬ | રીતેશ જાદવ,<br>સુરેંદ્રનગર | એમ.એન.રબર<br>રાજકોટ હાઇવે,મુ.પો. શેખપર,<br>તા. મુડી, સુરેંદ્રનગર | ફેક્ટરી એક્ટના ભંગ બાબતે |

# તા.૦૧/૦૧/૨૦૨૩ થી તા.૩૧/૧૨/૨૦૨૩ દરમિયાન

# ફરીયાદો અન્વયે કરેલ સમજાવટથી ચુકવણું

## બિડાણ - ૨

| ક્રમ | અરજદારનું નામ | સંસ્થાનુ નામ | વિષય | સમજાવટથી કરેલચૂકવણુ | લાભાર્થી |
|---|---|---|---|---|---|
| ૦૧ | અખિલ ગુજરાત મઝદુર સંઘ, અ.વાદ | સેમ ફુડ, વઢવાણ | શ્રમ કાયદા મુજબના લાભો આપવા. | રૂ.૪,૭૩,૮૦૦/- | ૨૪ |
| ૦૨ | સતેન્દ્ર સિલોચ કુમાર ઉઈકે, MP | શ્રી સિધ્ધનાથ કોર્ટેક્ષ, થાનગઢ | મજુરીના બાકી રૂપિયા અપાવવા બાબત. | રૂ.૫,૭૦,૯૦૦/- | ૧૮૧ |
| ૦૩ | સંજયભાઈ પ્રેમજીભાઈ ડાભી, સુ.નગર | સવા હેલ્થ કેર.લી., વઢવાણ | શ્રમ કાયદાના ભંગ અન્વયે બોનસ ચુકવણું | રૂ.૬,૮૨૫/- | ૦૧ |
| ૦૪ | રાઠોડ નિલેશભાઈ નરેન્દ્રભાઈ, જો.નગર | પાર્કર ટાઈલ્સ.લી., શેખપર | એક મહિનાનો ચુકવવાનો બાકી પગાર | રૂ.૨૪,૮૦૦/- | ૦૧ |
| ૦૫ | ધવલકુમાર, ખેરાળી, | વિનાયક ઈલેકટ્રીકલ ઈન્ડસ્ટ્રીઝ, ખેરાળી | ૮-દિનનો બાકી પગાર. | રૂ.૧૦,૪૭૮/- | ૦૧ |
| **કુલ** | | | | **રૂ.૧૦,૮૬,૮૦૩/- (દસ લાખ છયાસી હજાર આઠસો ત્રણ)** | **૨૦૮** |

# તા.૦૧/૦૧/૨૦૨૩ થી તા.૩૧/૧૨/૨૦૨૩ દરમિયાન

# ફરીયાદો અન્વયે કરેલ કોર્ટ કેસો

## બિડાણ – ૩

| ક્રમ નં | કારખાનાનું નામ અને સરનામુ | લીધેલ કાયદા ભંગની વિગત (કલમ/નિયમ) | કલમ/નિયમનુ ટુંકમાં વર્ણન | કેસોની સંખ્યા | હાલની સ્થિતિ |
|---|---|---|---|---|---|
| ૧ | રૂષભ પ્રિસીસન બેરીંગ્સ લીમીટેડ, વઢવાણ | ઔધોગિક વિવાદ અધિનિયમ-૧૯૪૭ | CC/131/2023 | ૦૧ | પડતર |
| ૨ | ડી.સી.ડબલ્યુ લીમીટેડ, રેલ્વે સ્ટેશન નજીક, ધ્રાંગધ્રા | કારખાના ધારા - ૧૯૪૮ ની કલમ - ૫૪ ના- કેસ ૧૯ | ઓવર ટાઇમના ભંગ બાબત,-૧૯ કેસ | ૨૫ | પડતર |
| | | ગુજરાત કારખાના નિયમો – ૧૯૬૩ ના નિયમ-૮૫-કેસ ૧ | ઓવરટાઇમની વિગતો દર્શાવતુ ફોર્મ નંબર – ૧૩ ન નિભાવવા બાબત.-૦૧ કેસ | | |
| | | ગુજરાત કારખાના નિયમો – ૧૯૬૩ ના નિયમ–૮૭-કેસ ૧ | કામના કલાકની નોટીસ નમૂના નંબર -૧૪ પ્રદર્શીત ન કરવા બાબત.-૦૧ કેસ | | |
| | | ગુજરાત કારખાના નિયમો – ૧૯૬૩ ના નિયમ–૧૨(બી)-કેસ ૧ | પર્યાવરણ જાળવણીનું ફોર્મ નંબર -૩૭ ન નિભાવવા બાબત.-૦૧ કેસ | | |
| | | ગુજરાત કારખાના નિયમો – ૧૯૬૩ ના નિયમ–૬૮(જે)(૯)(૩)-કેસ ૧ | સેફ્ટી ઓડીટ રીપોર્ટ ન કરાવવા બાબત.-૦૧ કેસ | | |
| | | ગુજરાત કારખાના નિયમો – ૧૯૬૩ ના નિયમ-૬૮(યુ)(ક)(૧)કેસ ૧ | મેડીકલ ઓફીસર ન રાખવા બાબત.-૦૧ કેસ | | |
| | | ગુજરાત કારખાના નિયમો – ૧૯૬૩ ના નિયમ- ૬૮(જે)પેરા-૧૨કેસ ૧ | ઓન સાઇટ ઇમરજન્સી પ્લાન ન બનાવવા બાબત.-૦૧ કેસ | | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૩ | મોટો ટેકનીકા પ્લોટ નં.૧૭૦૬/બી, ફેઝ-૪, જી.આઈ.ડી.સી., વઢવાણ | ગુજરાત કારખાના નિયમો – ૧૯૬૩ ના નિયમ-૧૧૦(૧) | હાજરી પત્રક ન નીભાવવા બાબત.-૦૧ કેસ | ૦૨ | પડતર |
| | | ગુજરાત કારખાના નિયમો – ૧૯૬૩ ના નિયમ–૬૮(બી) | સ્વ-રક્ષણના સાધનો જેવા કે સેફટી સુઝ, હેન્ડ ગ્લોઝ, ડસ્ટ માસ્ક, ઇયર પ્લગ,- ૦૧ કેસ ગોગલ્સ, હેલ્મેટ, એપ્રોન(PPE) વિગેરે BIS એપ્રુવ ન આપવા બાબત. | | |
| ૪ | જવેલ પેપર્સ પ્રાઇવેટ લી. ૭૦૬, જી.આઇ.ડી.સી., ફેઝ-૩, તા.વઢવાણ, | ગુજરાત કારખાના નિયમો – ૧૯૬૩ ના નિયમ-૬૧(૭) | નમૂના નં. ૧૧ ન નિભાવવા બાબત.-૦૧ કેસ | ૦૩ | પડતર |
| | | ગુજરાત કારખાના નિયમો – ૧૯૬૩ ના નિયમ-૬૬(એ)(૧૦)(કે) | આગ સામે લડત આપતા સાધનો(ફાયર એક્સ્ટીંગેશર)ના બોટલો સમયસર રીફીલીંગ ન કરવવા બાબત.-૦૧ કેસ | | |
| | | ગુજરાત કારખાના નિયમો – ૧૯૬૩ ના નિયમ-૬૮(ક્યુ) | એમ.એસ.ડી.એસ. અને એસ.ઓ.પી. પ્રદર્શિત ન કરવા બાબત.-૦૧ કેસ | | |
| | | | કુલ | ૩૧ | |

# તા.૦૧/૦૧/૨૦૨૩ થી તા.૩૧/૧૨/૨૦૨૩ દરમિયાન

# ફરીયાદો સિવાય કરેલ કોર્ટ કેસો

## બિડાણ-૪

| ક્રમ | સંસ્થાનું નામ | કાયદાનું નામ | કેસ નંબર | હાલની સ્થિતી |
|---|---|---|---|---|
| ૧ | પોલો પ્લસ કન્ટેનર્સ | લઘુતમ વેતન અધિનિયમ | ૨/૨૩ | દંડની રકમ ૪૦૦૦ |
| ૨ | | લઘુતમ વેતન અધિનિયમ | ૩/૨૩ | દંડની રકમ ૪૦૦૦ |
| ૩ | અમીત સી .દુલેરા | લઘુતમ વેતન અધિનિયમ | ૭/૨૩ | દંડની રકમ ૨૦૦૦ |
| ૪ | | લઘુતમ વેતન અધિનિયમ | ૮/૨૩ | દંડની રકમ ૨૦૦૦ |
| ૫ | અમન બ્રિક્સ | લઘુતમ વેતન અધિનિયમ | ૯/૨૩ | દંડની રકમ ૪૦૦૦ |
| ૬ | | લઘુતમ વેતન અધિનિયમ | ૧૦/૨૩ | દંડની રકમ ૪૦૦૦ |
| ૭ | જનની મેટરનીટી &સર્જીકલ હોસ્પીટલ | લઘુતમ વેતન અધિનિયમ | ૧૧/૨૩ | દંડની રકમ ૨૦૦૦ |
| ૮ | | લઘુતમ વેતન અધિનિયમ | ૧૨/૨૩ | દંડની રકમ ૨૦૦૦ |
| ૯ | વરદાન હોસ્પીટલ | લઘુતમ વેતન અધિનિયમ | ૨૫/૨૩ | દંડની રકમ ૪૦૦૦ |
| ૧૦ | | લઘુતમ વેતન અધિનિયમ | ૨૬/૨૩ | દંડની રકમ ૪૦૦૦ |
| ૧૧ | શ્રીનાથજી પેકેજીંગ | લઘુતમ વેતન અધિનિયમ | ૨૯/૨૩ | દંડની રકમ ૬૦૦૦ |
| ૧૨ | | લઘુતમ વેતન અધિનિયમ | ૩૦/૨૩ | દંડની રકમ ૬૦૦૦ |
| ૧૩ | ઇન્ફીનીટી રીટેઈલ લી. | લઘુતમ વેતન અધિનિયમ | ૩૧/૨૩ | દંડની રકમ ૪૦૦૦ |
| ૧૪ | ગોહિલ કન્સ્ટ્રક્શન | લઘુતમ વેતન અધિનિયમ | ૩૨/૨૩ | દંડની રકમ ૪૦૦૦ |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૫ | | લઘુતમ વેતન અધિનિયમ | ૩૩/૨૩ | દંડની રકમ ૪૦૦૦ |
| ૧૬ | એમ.વી.કન્સ્ટ્રક્શન | લઘુતમ વેતન અધિનિયમ | ૩૪/૨૩ | દંડની રકમ ૬૦૦૦ |
| ૧૭ | | લઘુતમ વેતન અધિનિયમ | ૩૫/૨૩ | દંડની રકમ ૬૦૦૦ |
| ૧૮ | હોટેલ બલદેવ | લઘુતમ વેતન અધિનિયમ | ૩૮/૨૩ | દંડની રકમ ૪૦૦૦ |
| ૧૯ | | લઘુતમ વેતન અધિનિયમ | ૩૯/૨૩ | દંડની રકમ ૪૦૦૦ |
| ૨૦ | સત્યમ સિરામીક | લઘુતમ વેતન અધિનિયમ | ૪૦/૨૩ | દંડની રકમ ૬૦૦૦ |
| ૨૧ | | લઘુતમ વેતન અધિનિયમ | ૪૧/૨૩ | દંડની રકમ ૬૦૦૦ |
| ૨૨ | ફોર્સ ૧૧ સિક્યુરીટી | લઘુતમ વેતન અધિનિયમ | ૪૨/૨૩ | દંડની રકમ ૪૦૦૦ |
| ૨૩ | | લઘુતમ વેતન અધિનિયમ | ૪૩/૨૩ | દંડની રકમ ૪૦૦૦ |
| ૨૪ | ચંદ્રસિંહ અલુભા રાઠોડ | લઘુતમ વેતન અધિનિયમ | ૪૪/૨૩ | પડતર |
| ૨૫ | | લઘુતમ વેતન અધિનિયમ | ૪૫/૨૩ | |
| ૨૬ | હમદમ સિરામીક | લઘુતમ વેતન અધિનિયમ | ૪૬/૨૩ | દંડની રકમ ૨૦૦૦ |
| ૨૭ | | લઘુતમ વેતન અધિનિયમ | ૪૭/૨૩ | દંડની રકમ ૨૦૦૦ |
| ૨૮ | સાઉથ એશીયન સિરામીક | લઘુતમ વેતન અધિનિયમ | ૬૫/૨૩ | પડતર |
| ૨૯ | | લઘુતમ વેતન અધિનિયમ | ૬૬/૨૩ | |
| ૩૦ | શ્રીજી કૃપા એક્સપોર્ટ | લઘુતમ વેતન અધિનિયમ | ૬૭/૨૩ | દંડની રકમ ૧૦૦૦૦ |
| ૩૧ | | લઘુતમ વેતન અધિનિયમ | ૬૮/૨૩ | દંડની રકમ ૧૦૦૦૦ |
| ૩૨ | એસ.સી.આઈ .સિક્યુરીટી | લઘુતમ વેતન અધિનિયમ | ૬૯/૨૩ | દંડની રકમ ૪૦૦૦ |

| | | | | |
|---|---|---|---|---|
| ૩૩ | | લઘુતમ વેતન અધિનિયમ | ૭૦/૨૩ | દંડની રકમ ૪૦૦૦ |
| ૩૪ | વઢવાણ મહાજન પાંજરાપોળ | લઘુતમ વેતન અધિનિયમ | ૭૧/૨૩ | દંડની રકમ ૬૦૦૦ |
| ૩૫ | | લઘુતમ વેતન અધિનિયમ | ૭૨/૨૩ | દંડની રકમ ૬૦૦૦ |
| ૩૬ | યોગી પ્લાસ્ટ | લઘુતમ વેતન અધિનિયમ | ૯૯/૨૩ | દંડની રકમ ૪૦૦૦ |
| ૩૭ | | લઘુતમ વેતન અધિનિયમ | ૧૦૦/૨૩ | દંડની રકમ ૪૦૦૦ |
| ૩૮ | સંતોષકુમાર એસ .ગુપ્તા | લઘુતમ વેતન અધિનિયમ | ૧૦૩/૨૩ | પડતર |
| ૩૯ | | લઘુતમ વેતન અધિનિયમ | ૧૦૪/૨૩ | |
| ૪૦ | સરોવર સિરામિક | લઘુતમ વેતન અધિનિયમ | ૧૦૫/૨૩ | દંડની રકમ ૧૨૦૦૦ |
| ૪૧ | | લઘુતમ વેતન અધિનિયમ | ૧૦૬/૨૩ | દંડની રકમ ૧૨૦૦૦ |
| ૪૨ | સુમીપ કોમ્પોસાઈટ્સ | લઘુતમ વેતન અધિનિયમ | ૧૧૧/૨૩ | દંડની રકમ ૪૦૦૦ |
| ૪૩ | | લઘુતમ વેતન અધિનિયમ | ૧૧૨/૨૩ | દંડની રકમ ૪૦૦૦ |
| ૪૪ | મેક્સવેલ સિરામીક | લઘુતમ વેતન અધિનિયમ | ૧૧૩/૨૩ | દંડની રકમ ૪૦૦૦ |
| ૪૫ | | લઘુતમ વેતન અધિનિયમ | ૧૧૪/૨૩ | દંડની રકમ ૪૦૦૦ |
| ૪૬ | હિંદુસ્તાન સિક્યુરીટી | લઘુતમ વેતન અધિનિયમ | ૧૧૫/૨૩ | દંડની રકમ ૬૦૦૦ |
| ૪૭ | | લઘુતમ વેતન અધિનિયમ | ૧૧૬/૨૩ | દંડની રકમ ૬૦૦૦ |
| ૪૮ | આર.કે.સિક્યુરીટી | લઘુતમ વેતન અધિનિયમ | ૧૨૭/૨૩ | પડતર |
| ૪૯ | | લઘુતમ વેતન અધિનિયમ | ૧૨૮/૨૩ | |
| ૫૦ | ક્લેકીંગ મિનરલ્સ | લઘુતમ વેતન અધિનિયમ | ૧૨૯/૨૩ | પડતર |

| | | | | |
|---|---|---|---|---|
| ૫૧ | | લઘુતમ વેતન અધિનિયમ | ૧૩૦/૨૩ | |
| ૫૨ | અમીત સી .દુલેરા | લઘુતમ વેતન અધિનિયમ | ૧૪૫/૨૩ | પડતર |
| ૫૩ | | લઘુતમ વેતન અધિનિયમ | ૧૪૬/૨૩ | |
| ૫૪ | સેક્ટર સિરામીક | લઘુતમ વેતન અધિનિયમ | ૧૪૭/૨૩ | પડતર |
| ૫૫ | | લઘુતમ વેતન અધિનિયમ | ૧૪૮/૨૩ | |
| ૫૬ | ઓલવેલ પ્રોજેક્ટ્સ | લઘુતમ વેતન અધિનિયમ | ૧૪૯/૨૩ | પડતર |
| ૫૭ | | લઘુતમ વેતન અધિનિયમ | ૧૫૦/૨૩ | |
| ૫૮ | હોટેલ બલદેવ | ચાઈલ્ડ લેબર | ૩૬/૨૩ | દંડની રકમ ૫૦૦૦ |
| ૫૯ | | ચાઈલ્ડ લેબર | ૩૭/૨૩ | દંડની રકમ ૫૦૦૦ |
| ૬૦ | અવધ હોટેલ | ચાઈલ્ડ લેબર | ૬૧/૨૩ | પડતર |
| ૬૧ | | ચાઈલ્ડ લેબર | ૬૨/૨૩ | |
| ૬૨ | શ્રી ગણેશ બેગ્સ &ટોય્ઝ | ચાઈલ્ડ લેબર | ૬૩/૨૩ | દંડની રકમ ૫૦૦૦ |
| ૬૩ | | ચાઈલ્ડ લેબર | ૬૪/૨૩ | દંડની રકમ ૫૦૦૦ |
| ૬૪ | પ્રિન્સ હોટેલ | ચાઈલ્ડ લેબર | ૧૫૨/૨૩ | પડતર |
| ૬૫ | ઓલવેલ પ્રોજેક્ટ્સ | કોન્ટ્રાક્ટ લેબર | ૫/૨૩ | દંડની રકમ ૫૦૦૦ |
| ૬૬ | અમિત સી .દુલેરા | કોન્ટ્રાક્ટ લેબર | ૬/૨૩ | દંડની રકમ ૧૦૦૦ |
| ૬૭ | ઓલવેલ પ્રોજેક્ટ્સ | કોન્ટ્રાક્ટ લેબર | ૧૫૧/૨૩ | પડતર |
| ૬૮ | અમિત સી .દુલેરા | કોન્ટ્રાક્ટ લેબર | ૧૫૩/૨૩ | પડતર |
| ૬૯ | બાલાજી લેબર કોંટ્રાક્ટર | ઈન્ટર સ્ટેટ માઈગ્રન્ટ વર્કર | ૪/૨૩ | દંડની રકમ ૧૦૦૦ |
| ૭૦ | પેટ્સન પેપર્સ | ઈન્ટર સ્ટેટ માઈગ્રન્ટ વર્કર | ૯૮/૨૩ | પડતર |
| ૭૧ | સંતોશ કુમાર એસ .ગુપ્તા | ઈન્ટર સ્ટેટ માઈગ્રન્ટ | ૧૦૧/૨૩ | પડતર |

| | | | | |
|---|---|---|---|---|
| | | વર્કર | | |
| ૭૨ | સલામતી સિક્યુરીટી | ઈન્ટર સ્ટેટ માઈગ્રન્ટ વર્કર | ૧૦૨/૨૩ | પડતર |
| ૭૩ | રુદ્ર સર્વીસીસ | ઈન્ટર સ્ટેટ માઈગ્રન્ટ વર્કર | ૧૨૪/૨૩ | પડતર |
| ૭૪ | રાજકુમાર ઈનવાતી | ઈન્ટર સ્ટેટ માઈગ્રન્ટ વર્કર | ૧૨૫/૨૩ | પડતર |
| ૭૫ | શ્રી સિદ્ધનાથ કોટેક્ષ | ઈન્ટર સ્ટેટ માઈગ્રન્ટ વર્કર | ૧૨૬/૨૩ | પડતર |
| ૭૬ | સેમ ફુડ્સ | મોટર ટ્રાન્સપોર્ટ એક્ટ | ૧૦૭/૨૩ | પડતર |
| ૭૭ | ગોહિલ કન્સ્ટ્રદક્શન | બોનસ ચુકવણી અધિનિયમ | ૧૨૩/૨૩ | દંડની રકમ ૧૦૦૦ |
| | કુલ | | ૭૭ કેસ | દંડની રકમ ૨,૨૮,૦૦૦/- (બે લાખ અઠ્યાવીસ હજાર) |

## તા.૦૧/૦૧/૨૦૨૩ થી તા.૩૧/૧૨/૨૦૨૩ દરમિયાન
## ફરીયાદો સિવાય કરેલ સમજાવટથી ચુકવણું - બિડાણ-૫

| ક્રમ | સંસ્થા/વ્યક્તિનું નામ | શ્રમિકોની સંખ્યા | ચુકવણાની રકમ |
|---|---|---|---|
| ૧ | મહર્ષિ  હોસ્પીટલ | ૭ | ૨૧૦૦૦ |
| ૨ | એમ.એન.રબ્બર | ૭ | ૩૧૭૧૧ |
| ૩ | અલ્ટ્રા વિઝન પ્રાયમરી સ્કુલ ગુજરાતી | ૧ | ૪૦૦૦ |
| ૪ | સતાણી હોસ્પીટલ | ૧ | ૨૩૦૧૦ |
| ૫ | ક્રિષ્ના હોસ્પીટલ | ૬ | ૪૮૫૦૦ |
| ૬ | શિવમ સિક્યુરીટી | ૩૮ | ૩૮૦૦૦ |
| ૭ | જે.કે.એસોસીએટ્સ | ૨૩ | ૬૫૪૨૭ |
| ૮ | વલ્લભ એસોસીએટ્સ | ૩૬ | ૧૦૧૩૬૧ |
| ૯ | પીનેકલ ફાસ્ટનર્સ | ૨૫ | ૧૦૪૪૮૨ |
| ૧૦ | શ્રીજી કૃપા એક્ષપોર્ટ | ૯ | ૭૨૦૦૦ |
| ૧૧ | ડિવાઈન સિરામીક | ૭ | ૧૩૮૬૦ |
| ૧૨ | વિન્ડસ્ટનસ્પ્રીંગ | ૬૫ | ૯૫૧૫૦ |
| ૧૩ | પેટસન પેપર્સ | ૯ | ૨૯૫૭૪ |
| ૧૪ | મેક્સવેલ સિરામીક | ૨ | ૧૯૬૮૦ |
| ૧૫ | હિન્દુસ્તાન સિરામીક | ૪ | ૧૯૨૬૨ |
| ૧૬ | સરોવર સિરામીક | ૧૪ | ૭૪૮૮૦ |
| ૧૭ | અમીત દુલેરા | ૪૦૨ | ૪૧૯૦૭૨૦ |
| ૧૮ | વસંત સિક્યુરીટી | ૪૩ | ૮૮૭૦૦ |
| ૧૯ | બાવડા પોલીમર્સ | ૫ | ૨૫૦૦૦ |
| ૨૦ | નિલકંઠ વિધાલય | ૩ | ૨૧૦૦૦ |
| ૨૧ | ક્લે કિંગ મિનરલ્સ | ૨ | ૧૬૪૦૦ |
| ૨૨ | અલ્ટ્રા વિઝન પ્રાયમરી સ્કુલ )અંગ્રેજી( | ૧ | ૧૦૦૦૦ |
| | **કુલ** | **૭૧૦** | **૫૧,૧૩,૭૧૭/–** |
| (બાકી પગારનું ચુકવણું) | | | |
| ૧ | શ્રીહરી એસોસીએટ્સ | ૧ | ૮૯૩૯ |
| | **કુલ** | **૧** | **૮,૯૩૯-/** |
| (બાકી બોનાસનું ચુકવણું) | | | |
| ૧ | પરમાર સિરામીક | ૧૦ | ૭૧૦૦૦ |
| | **કુલ** | **૧૦** | **૭૧,૦૦૦/–** |
| કુલ | **૨૪ સંસ્થા** | **૭૨૧ કામદાર** | **૫૧,૯૩,૬૫૬ -/ચુકવણું** |

મેઇન પેજ પર જાઓ

## પૂરક નોંધ (નિયામકશ્રી, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય)

તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લામાં **૯૦૪ (નવ સો ચાર) ઔદ્યોગિક એકમો** કારખાના ધારા હેઠળ નોંધાયેલ છે. જેમાથી **૭૧૭ (સાત સો સત્તર)** ચાલુ ઔદ્યોગિક એકમો છે તથા **૧૮૭ ( એક સો સત્તાસી) બંધ ઔદ્યોગિક એકમો** છે. તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લાના ઔદ્યોગિક એકમો સામે શ્રમ કાયદાના ભંગની ફરિયાદો બાબતે નિયામક, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય તંત્રને **કુલ- ૦૪ (ચાર) ફરીયાદો** મળેલ છે. સુરેન્દ્રનગર જિલ્લામાં છેલ્લા એક વર્ષના સમયગાળા દરમ્યાન **૩૬૧ (ત્રણ સો એકસઠ) કારખાનાની તપાસણી** કરવામાં આવેલ છે.

મેઇન પેજ પર જાઓ

| અગ્રતા ક્રમઃ ૩ | |
|---|---|
| તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૧૫/૪/૧૩૦૧ | |
| પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રીઃ **પ્રકાશભાઈ પરસોતમભાઈ વરમોરા (ધ્રાંગધ્રા)** | |
| | |
| **પેટા પ્રશ્ન ૧** | સુરેન્દ્રનગર જિલ્લામાં ફરિયાદો સિવાય કેટલી સંસ્થાઓમાં કોર્ટ કાર્યવાહી કરવામાં આવેલ છે? |
| **જવાબ** | **સુરેન્દ્રનગર જિલ્લામાં ફરિયાદો સિવાય ૫૯ (ઓગણ સાઈઠ) ઔદ્યોગિક એકમોમાં ૧૨૧ (એક સો એકવીસ) ફોજદારી કેસો નામદાર લેબર કોર્ટમાં દાખલ કરવામાં આવેલ છે. જે પૈકી ૭૨ (બોત્તેર) કેસોનો નામદાર કોર્ટ દ્વારા નિકાલ કરી કસુરવાર માલિકને રૂ.૩,૫૮,૦૦૦ /- (ત્રણ લાખ અઠ્ઠાવન હજાર) દંડ વસુલ કરવામાં આવેલ છે. જેની વિગત નીચે મુજબ છે.** |

| ઔદ્યોગિક એકમોની સંખ્યા | દાખલ કરેલ કોર્ટ કેસોની સંખ્યા | પડતર કોર્ટ કેસોની સંખ્યા | નિકાલ કરેલ કોર્ટ કેસોની સંખ્યા | દંડની રકમ |
|---|---|---|---|---|
| ૫૯ (ઓગણ સાઈઠ) | ૧૨૧ (એક સો એકવીસ) | ૪૯ (ઓગણ પચાસ) | ૭૨ (બોત્તેર) | રૂ. ૩,૫૮,૦૦૦ /- (ત્રણ લાખ અઠ્ઠાવન હજાર) |

મેઇન પેજ પર જાઓ

| | |
|---|---|
| અગ્રતા ક્રમઃ 3 | |
| તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૧૫/૪/૧૩૦૧ | |
| પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રીઃ **પ્રકાશભાઈ પરસોતમભાઈ વરમોરા (ધ્રાંગધ્રા)** | |
| | |
| **પેટા પ્રશ્ન ૨** | તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લામાં છેલ્લા એક વર્ષના સમયગાળા દરમ્યાન કુલ કેટલા કારખાનાની સામે કેટલા કેસ કરવામા આવેલ છે? |
| **જવાબ** | તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લામાં છેલ્લા એક વર્ષના સમયગાળા દરમ્યાન ૬૩ (ત્રેસઠ) કારખાનાની સામે ૧૫૨ (એકસો બાવન) કેસો કરવામા આવેલ છે. |

મેઇન પેજ પર જાઓ

| અગ્રતા ક્રમઃ 3 | |
|---|---|
| તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૧૫/૪/૧૩૦૧ | |
| પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રીઃ **શ્રી શામજીભાઇ ચૌહાણ (ચોટીલા)** | |
| **પેટા પ્રશ્ન 3** | સુરેન્દ્રનગર જિલ્લામાં તા-૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમ્યાન મળેલ ફરિયાદો કયા કયા શ્રમ કાયદા હેઠળની છે ? |
| **જવાબ** | સુરેન્દ્રનગર જિલ્લામાં તા-૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમ્યાન મળેલ ફરિયાદો**ની વિગત નીચે મુજબ છે.** |

| ક્રમ | કાયદાનું નામ | ફરિયાદોની સંખ્યા |
|---|---|---|
| ૧ | **કારખાના અધિનિયમ,૧૯૪૮** | ૦૪ |
| ૨ | **લઘુતમ વેતન અધિનિયમ,૧૯૪૮** | ૦૯ |
| ૩ | **ઔદ્યોગિક વિવાદ અધિનિયમ,૧૯૪૭** | ૦૧ |
| ૪ | **ગ્રેજ્યુઈટી ચુકવણી અધિનિયમ, ૧૯૭૨** | ૦૨ |
| | કુલ | ૧૬ |

મેઇન પેજ પર જાઓ

| અગ્રતા ક્રમ: ૩ | |
|---|---|
| તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫/૪/૧૩૦૧ | |
| પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રી: **શ્રી શામજીભાઇ ચૌહાણ (ચોટીલા)** | |
| **પેટા પ્રશ્ન ૪** | સુરેન્દ્રનગર જિલ્લામાં ફરિયાદો સિવાય કેટલી સંસ્થાઓમાં નિરીક્ષણ દ્વારા સમજાવટથી ચુકવણું કયા કયા પ્રકારે કરવામાં આવેલ છે? |
| **જવાબ** | સુરેન્દ્રનગર જિલ્લામાં ફરિયાદો સિવાય ૨૦૪ (બસો ચાર) ઔદ્યોગિક એકમોમાં નિરીક્ષણ દ્વારા રૂબરૂ તપાસ કરીને ૨૪ (ચોવીસ) ઔદ્યોગિક એકમોમાં સમજાવટથી ચુકવણું કરાવવામાં આવેલ છે. જેની વિગત નીચે મુજબ છે. |

| ચુકવણાનો પ્રકાર | ઔદ્યોગિક એકમોની કુલ સંખ્યા | શ્રમયોગીઓની કુલ સંખ્યા | સમજાવટથી કરાવેલ કુલ ચુકવણું |
|---|---|---|---|
| બાકી પગારનું ચુકવણું | ૦૧ (એક) | ૦૧ (એક) | રૂ. ૮,૯૩૯/- (આઠ હજાર નવ સો ઓગણ ચાલીસ) |
| લઘુત્તમ વેતનના તફાવતનું ચુકવણું | ૨૨ (બાવીસ) | ૭૧૦ (સાત સો દસ) | રૂ. ૫૧,૧૩,૭૧૭ /- (એકાવન લાખ તેર હજાર સાત સો સત્તર) |
| બાકી બોનસનું ચુકવણું | ૦૧(એક) | ૧૦ (દસ) | રૂ. ૭૧,૦૦૦/- (ઈકોતેર હજાર) |
| **કુલ......** | **૨૪ (ચોવીસ)** | **૭૨૧ (સાતસો એકવીસ)** | **રૂ. ૫૧,૯૩,૬૫૬ /- (એકાવન લાખ તાણું હજાર છસો છપ્પન)** |

મેઇન પેજ પર જાઓ

| અગ્રતા ક્રમઃ 3 | |
|---|---|
| તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૧૫/૪/૧૩૦૧ | |
| પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રીઃ | |
| પેટા પ્રશ્ન ૫ | શ્રમ આયુક્ત તંત્ર દ્વારા શ્રમયોગીઓને શ્રમ કાયદાઓનું માર્ગદર્શન આપવા શી વ્યવસ્થા ગોઠવવામાં આવેલ છે? |
| જવાબ | ૧) દરેક જિલ્લાની શ્રમ આયુક્ત તંત્ર હેઠળની કચેરીઓમાં અધિકારીનો રૂબરૂ સંપર્ક સાધવામાં આવતા માર્ગદર્શન આપવામાં આવે છે.<br>૨) શ્રમ આયુક્ત કચેરી દ્વારા ટોલ ફ્રી હેલ્પ લાઇન દ્વારા અસરકારક, ત્વરિત વ્યવસ્થાના ભાગરૂપે કાયદાકીય માર્ગદર્શન, શ્રમયોગીઓની કલ્યાણકારી યોજનાઓની જાણકારી તથા ટેલિફોનિક ફરિયાદ પણ નોંધવા માટે જી.વી.કે. મારફત શ્રમ આયુક્તની કચેરી, ગુજરાત રાજ્ય દ્વારા શ્રમિક સહાયક હેલ્પલાઇન '૧૫૫૩૭૨' તા.૨૧/૧૦/૨૦૨૨ના રોજથી કાર્યરત કરવામાં આવેલ છે.<br>આ શ્રમિક સહાયક હેલ્પલાઈન ઉપર તા.૦૧/૦૧/૨૦૨૩ થી તા-૩૧/૦૧/૨૦૨૪ સુધીમાં કુલ ૧૦૭૬૦ કોલ મળેલ છે. તેમાંથી ૬૮૭૬ કોલ વિવિધ પ્રકારના શ્રમયોગીઓને લગતા પ્રશ્નોની જાણકારી મેળવવા ૧૯૩૯ શ્રમતંત્ર તથા તેના સંલગ્ન વિવિધ બોર્ડ મારફત ચલાવવામાં આવતી વિવિધ યોજનાઓની જાણકારી માટે ૪૨૮ કોલ વિવિધ શ્રમ કાયદાને લગતી જાણકારી મેળવવા, ૮૬૩ કોલ ફરિયાદને લગતી માહિતી મેળવવા, ૬૫૨ ફરિયાદોના કોલ તેમજ ૦૨ કોલ ફરિયાદો બંધ કરવા માટે મળેલ છે. જેમાંથી તમામ કોલ ને યોગ્ય પ્રતિસાદ આપી શ્રમયોગીઓના પ્રશ્નોનું હકારાત્મક નિરાકરણ કરવામાં આવેલ છે.<br>ફરિયાદો બાબતે ઔદ્યોગિક એકમોની (કારખાના ધારા ૧૯૪૮ હેઠળ નોંધાયેલ) ફરિયાદમાં દર્શાવેલ મુદ્દાઓ બાબતે અત્રેની કચેરીના કાર્યક્ષેત્રમાં આવતા કારખાના ધારા તથા અન્ય મજુર કાયદાઓના પાલન અંગે મુલાકાતો લઈ કાયદાઓનું પાલન કરાવવામાં આવે છે અને જ્યા કાયદાભંગ જણાતા કસુરવાર સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે છે. |

મેઇન પેજ પર જાઓ

| અગ્રતા ક્રમ: ૩ | |
|---|---|
| તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫/૪/૧૩૦૧ | |
| પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રી: | |
| **પેટા પ્રશ્ન ૬** | તા. ૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લામાં કારખાના ધારા હેઠળ કેટલા ઔદ્યોગિક એકમો નોંધાયેલા છે? તેમજ નોંધાયેલા કારખાના ની તાલુકાવાર વિગતો જણાવશો ? |
| જવાબ | **કારખાનાધારાની પાત્રતાની વ્યાખ્યા :**<br>**જે સ્થળ પર ૧૦ કે તેથી વધુ કામદારોને રોકીને વીજળીશક્તિની મદદથી ઉત્પાદન પ્રક્રિયા કરવામા આવતી હોય અથવા જે સ્થળ પર ૨૦ કે તેથી વધુ કામદારોને રોકીને વીજળીશક્તિની મદદ વગર ઉત્પાદન પ્રક્રિયા કરવામા આવતી હોય તેવા સ્થળને કારખાના તરીકે કારખાના ધારા ૧૯૪૮ હેઠળ નોંધણી કરવામા આવે છે.**<br>તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લામાં **૯૦૪ (નવસો ચાર) ઔદ્યોગિક એકમો** કારખાના ધારા હેઠળ નોંધાયેલ છે જેની તાલુકાવાર વિગતો આ મુજબ છે. |

**તાલુકાવાર કુલ કારખાનાની સંખ્યા**

| ક્રમ | તાલુકાનુ નામ | કુલ કારખાનાની સંખ્યા |
|---|---|---|
| ૧ | મુળી | ૫૮ |
| ૨ | દસાડા | ૪૨ |
| ૩ | ચોટીલા | ૭૬ |
| ૪ | વઢવાણ | ૨૯૩ |
| ૫ | ધ્રાંગધ્રા | ૬૦ |
| ૬ | સાયલા | ૧૨ |
| ૭ | લીંબડી | ૨૩ |
| ૮ | લખતર | ૩૧ |
| ૯ | ચુડા | ૪ |
| ૧૦ | થાનગઢ | ૩૦૫ |
| કુલ | | ૯૦૪ |

મેઇન પેજ પર જાઓ

| | |
|---|---|
| અગ્રતા ક્રમ: 3 | |
| તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫/૪/૧૩૦૧ | |
| પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રી: | |
| | |
| **પેટા પ્રશ્ન ૭** | તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લામાં છેલ્લા એક વર્ષના સમયગાળા દરમ્યાન મળેલ ફરીયાદો અન્વયે કુલ કેટલા કારખાનાની સામે કેટલા કેસ કરવામા આવેલ છે? |
| **જવાબ** | તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લામાં એક વર્ષના સમયગાળા દરમ્યાન ૧૬ (સોળ) ફરીયાદો મળેલ છે. જે અન્વયે ૦૪(ચાર) કારખાનાની સામે ૩૧(એકત્રીસ) કેસ કરેલ છે. જેની વિગતો આ મુજબ છે. |

| ક્રમ નં | કારખાનાનું નામ અને સરનામુ | લીધેલ કાયદા ભંગની વિગત (કલમ/નિયમ) | કલમ/નિયમનુ ટુંકમાં વર્ણન | કેસોની સંખ્યા | હાલની સ્થિતિ |
|---|---|---|---|---|---|
| ૧ | રૂષભ પ્રિસીસન બેરીંગ્સ લીમીટેડ, વઢવાણ | ઔધોગિક વિવાદ અધિનિયમ-૧૯૪૭ | CC/131/2023 | ૦૧ | પડતર |
| ૨ | ડી.સી.ડબલ્યુ લીમીટેડ, રેલ્વે સ્ટેશન નજીક, ધ્રાંગધ્રા | કારખાના ધારા - ૧૯૪૮ ની કલમ - ૫૪ ના- કેસ ૧૯ | ઓવર ટાઇમના ભંગ બાબત,-૧૯ કેસ | ૨૫ | પડતર |
| | | ગુજરાત કારખાના નિયમો – ૧૯૬૩ ના નિયમ-૮૫-કેસ ૧ | ઓવરટાઇમની વિગતો દર્શાવતુ ફોર્મ નંબર – ૧૩ ન નિભાવવા બાબત.-૦૧ કેસ | | |
| | | ગુજરાત કારખાના નિયમો – ૧૯૬૩ ના નિયમ–૮૭-કેસ ૧ | કામના કલાકની નોટીસ નમૂના નંબર -૧૪ પ્રદર્શીત ન કરવા બાબત.-૦૧ કેસ | | |
| | | ગુજરાત કારખાના નિયમો – | પર્યાવરણ જાળવણીનું | | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | ૧૯૬૩ ના નિયમ-૧૨(બી)-કેસ ૧ | ફોર્મ નંબર -37 ન નિભાવવા બાબત.-૦૧ કેસ | | |
| | | ગુજરાત કારખાના નિયમો - ૧૯૬૩ ના નિયમ-૬૮(જે)(૯)(૩)-કેસ ૧ | સેફ્ટી ઓડીટ રીપોર્ટ ન કરાવવા બાબત.-૦૧ કેસ | | |
| | | ગુજરાત કારખાના નિયમો - ૧૯૬૩ ના નિયમ-૬૮(યુ)(ક)(૧)કેસ ૧ | મેડીકલ ઓફીસર ન રાખવા બાબત.-૦૧ કેસ | | |
| | | ગુજરાત કારખાના નિયમો - ૧૯૬૩ ના નિયમ- ૬૮(જે)પેરા-૧૨કેસ ૧ | ઓન સાઇટ ઇમરજન્સી પ્લાન ન બનાવવા બાબત.-૦૧ કેસ | | |
| 3 | મોટો ટેકનીકા પ્લોટ નં.૧૭૦૬/બી, ફેઝ-૪, જી.આઈ.ડી.સી., વઢવાણ | ગુજરાત કારખાના નિયમો - ૧૯૬૩ ના નિયમ-૧૧૦(૧) | હાજરી પત્રક ન નીભાવવા બાબત.-૦૧ કેસ | ૦૨ | પડતર |
| | | ગુજરાત કારખાના નિયમો - ૧૯૬૩ ના નિયમ-૬૮(બી) | સ્વ-રક્ષણના સાધનો જેવા કે સેફટી સુઝ, હેન્ડ ગ્લોઝ, ડસ્ટ માસ્ક, ઇયર પ્લગ,-૦૧ કેસ ગોગલ્સ, હેલ્મેટ, એપ્રોન(PPE) વિગેરે BIS એપ્રુવ ન આપવા બાબત. | | |
| ૪ | જવેલ પેપર્સ પ્રાઇવેટ લી. ૭૦૬, જી.આઇ.ડી.સી., ફેઝ-3, તા.વઢવાણ, | ગુજરાત કારખાના નિયમો - ૧૯૬૩ ના નિયમ-૬૧(૭) | નમૂના નં. ૧૧ ન નિભાવવા બાબત.-૦૧ કેસ | ૦3 | પડતર |
| | | ગુજરાત કારખાના નિયમો - ૧૯૬૩ ના નિયમ-૬૬(એ)(૧૦)(કે) | આગ સામે લડત આપતા સાધનો(ફાયર એક્સ્ટીંગેશર)ના બોટલો સમયસર રીફીલીંગ ન કરવવા બાબત.-૦૧ કેસ | | |
| | | ગુજરાત કારખાના નિયમો - ૧૯૬૩ ના નિયમ-૬૮(ક્યુ) | એમ.એસ.ડી.એસ. અને એસ.ઓ.પી. પ્રદર્શિત ન કરવા બાબત.-૦૧ કેસ | | |
| | | | કુલ | 3૧ | |

મેઇન પેજ પર જાઓ

| અગ્રતા ક્રમ: 3 | |
|---|---|
| તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫/૪/૧૩૦૧ | |
| પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રી: | |
| | |
| **પેટા પ્રશ્ન ૮** | તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લામાં એક વર્ષના સમયગાળા દરમ્યાન કુલ કેટલા કારખાનાની તપાસણી કરવામાં આવેલ છે? |
| **જવાબ** | તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લામાં છેલ્લા એક વર્ષના સમયગાળા દરમ્યાન કુલ <u>૫૭૫ (પાંચસો પંચોતેર)</u> કારખાનાની તપાસણી કરવામાં આવેલ છે. જેની વિગતો આ મુજબ છે. |

**તાલુકાવાર તપાસણીની સંખ્યા**

| ક્રમ | તાલુકાનુ નામ | તપાસણીની સંખ્યા |
|---|---|---|
| ૧ | મુળી | ૧૧ |
| ૨ | દસાડા | ૪૪ |
| ૩ | ચોટીલા | ૪૬ |
| ૪ | વઢવાણ | ૨૫૬ |
| ૫ | ધ્રાંગધ્રા | ૩૭ |
| ૬ | સાયલા | ૧ |
| ૭ | લીંબડી | ૮ |
| ૮ | લખતર | ૫ |
| ૯ | ચુડા | ૧ |
| ૧૦ | થાનગઢ | ૧૬૬ |
| કુલ | | ૫૭૫ |

મેઇન પેજ પર જાઓ

| | |
|---|---|
| અગ્રતા ક્રમઃ 3 | |
| તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૧૫/૪/૧૩૦૧ | |
| પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રીઃ | |
| | |
| **પેટા પ્રશ્ન ૯** | તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લામાં છેલ્લા એક વર્ષના સમયગાળા દરમ્યાન ફરિયાદ તપાસ બાબતે કેટલી મુલાકાતો લેવામાં આવેલ છે? |
| **જવાબ** | તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લામાં છેલ્લા એક વર્ષના સમયગાળા દરમ્યાન ફરિયાદ તપાસ બાબતે ૧૪ (ચૌદ) મુલાકાતો લેવામાં આવેલ છે. |

મેઇન પેજ પર જાઓ

| | |
|---|---|
| અગ્રતા ક્રમઃ 3 | |
| તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૧૫/૪/૧૩૦૧ | |
| પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રીઃ | |
| | |
| **પેટા પ્રશ્ન ૧૦** | ફરિયાદનો નિકાલ કરવાની સમય મર્યાદા શું નક્કી થયેલ છે. |
| **જવાબ** | ફરિયાદનો નિકાલ કરવાની સમય મર્યાદા ૯૦ દિવસની નક્કી કરવામાં આવેલ છે. |

મેઇન પેજ પર જાઓ

| | |
|---|---|
| અગ્રતા ક્રમ: 3 | |
| તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫/૪/૧૩૦૧ | |
| પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રીઃ | |
| | |
| **પેટા પ્રશ્ન ૧૧** | તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લામાં છેલ્લા એક વર્ષના સમયગાળા દરમ્યાન મળેલ ફરિયાદો પૈકી કેટલી ફરિયાદ પડતર છે? |
| **જવાબ** | તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લામાં છેલ્લા એક વર્ષના સમયગાળા દરમ્યાન મળેલ ફરિયાદો પૈકી કોઇ ફરીયાદ પડતર નથી. |

મેઇન પેજ પર જાઓ

| અગ્રતા ક્રમઃ 3 | |
|---|---|
| તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૧૫/૪/૧૩૦૧ | |
| પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રીઃ | |
| **પેટા પ્રશ્ન ૧૨** | રાજયનું શ્રમ તંત્ર મુખ્યત્વે કયા શ્રમ કાયદાઓનો અમલ કયા સંવર્ગના કયા અધિકારીઓ દ્વારા કરાવે છે? |
| **જવાબ** | • રાજયનું શ્રમ તંત્ર મુખ્યત્વે લઘુત્તમ વેતન અધિનિયમ-૧૯૪૮, બોનસ ચુકવણી અધિનિયમ-૧૯૬૫, ગ્રેજ્યુઇટી ચુકવણી અધિનિયમ-૧૯૭૨, કોન્ટ્રાકટ મજુર (નિયમન અને નાબુદી) અધિનિયમ-૧૯૭૦, ઔદ્યોગિક વિવાદ અધિનિયમ-૧૯૪૭, બાળ અને કિશોર (પ્રતિબંધ અને નિયમન) અધિનિયમ-૧૯૮૬, કારખાના ધારા-૧૯૪૮ અને પ્રસુતિ સહાયતા અધિનિયમ-૧૯૬૧ કાયદાઓનો અમલ કરાવે છે.<br>• શ્રમ તંત્રના નાયબ શ્રમ આયુકત (વર્ગ-૧), મદદનીશ શ્રમ આયુકત (વર્ગ-૧), સરકારી શ્રમ અધિકારી(વર્ગ-૨)તથા નિયામકશ્રી, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્યતંત્રના નાયબ નિયામક(વર્ગ-૧), મદદનીશ નિયામક(વર્ગ-૨), ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય અધિકારી(વર્ગ-૨) સંવર્ગના અધિકારી શ્રમ કાયદાઓનો અમલ કરાવે છે. |

મેઇન પેજ પર જાઓ